# રેલ યાત્રા વધુ મોંઘી થશે

નવી દિલ્હી,તા. ૧૪

રેલવે યાત્રી ભાડામાં ટુંક સમયમાં વધારો ઝીંકવામાં આવે તેવા સંકેત મળી રહ્યા છે. રોકેટગતિથી વધી રહેલા વીજ ખર્ચને પહોંચી વળવા સામાન્ય બોજ રેલવે યાત્રીઓ પર પણ ઝીંકવામાં આવનાર છે જેથી રેલ યાત્રા વધુ મોંઘી થવાના સંકેત દેખાઈ રહ્યા છે. રેલવે બજેટ આગામી વર્ષે ફેબ્રુઆરીમાં રજુ કરવામાં આવનાર છે. પરંતુ રેલવેની જાહેર કરવામાં આવેલી નિતી મુજબ રેલવે યાત્રી ભાડા અને નુરના દરેને ફયુઅલ અને એનર્જી ખર્ચ સાથે જોડીને એક વર્ષમાં બે વખત પર કિંમતોમાં સુધારો કરવામાં આવી શકે છે. રેલવે મંત્રાલયના વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું



છે કે ડિસેમ્બરમાં લાગુ થનાર ફયુઅલ સબંધિત ટેરિક સુધારહવે રેલવે બજેટમાં લાગુ કરવામાં આવે તેવી શકયતા છે. તાજેતરના મહિનાઓમાં ઉર્જા ખર્ચમાં ચાર ટકા સુધીનો વધારો થયો છે. જેથી રેલવે યાત્રી અને નુરના દરમાં વધારો કરવાની તાકીદની જરૂર છે. રેલવેની અગાઉ જાહેર કરવામાં આવેલી નિતી મુજબ ફયુઅલ અને ઉર્જા ખર્ચને ધ્યાનમાં લઈને યાત્રી ભાડા અને નુરના દરોને એક વર્ષમાં બે વખત સુધારી શકાય છે જુનમાં છેલ્લે સુધારો કરવામાં આવ્યો હતો જ્યારે યાત્રી ભાડામાં ૪.૨ ટકા અને નુરના દરમાં ૧.૪ ટકા સુધીનો સુધારો કરવામાં આવ્યો હતો. સંભવિત રેલવે યાત્રી ભાડામાં વધારો ઝીંકવાનો સંકેત આપતા નવા રેલવે પ્રધાન સુરેશ પ્રભુ કહી ચુક્યા છે કે તાજેતરમાં બોજ વધતા સામાન્ય લોકો પર આંશિક બોજ લાદવામાં આવશે. રેલવેમાં વધતા જતા ખર્ચને પહોંચી વળવા ટ્રેન ભાડામાં વધારાની શક્યતા અંગે પુછવામાં આવતા પ્રભુએ કહ્યું હતું કે તેઓ શક્યતાને નકારતા નથી. તેમના સુધારાલક્ષી અભિગમ માટે જાણીતા રહેલા પ્રભુએ અન્ય કોઈ વાત કરી નથી. તેમણે કહ્યું હતું કે ભાડામાં વધારો કરતા પહેલા રેલવે યાત્રીઓની સુવિધાને વધુ વધારાશે. સુરક્ષાના મામલે કોઈ બાંધછોડ કરી શકાય નહી. રેલવેમાં મોટા પાયે રોકાણ કરવાની જરૂર છે. રેલવેની નાણાંકીય સ્થિતી અંગે દુખ વ્યક્ત કરતા પ્રભુએ કહ્યું છે કે રેલવે ઈન્ફ્રાસ્ટકચરને સુધારવા અને અપગ્રેડ કરવા તેમજ સુરક્ષા જરૂરીયાતોને વધારી દેવા વધુ રોકાણની જરૂર છે.




જમ્મુ અને કાશ્મીરમાં આજે ચોથા ચરણનું મતદાન શાંતિપૂર્ણ રીતે પરું થયું હતું. મતદાન સવારે ૭ વાગે શરુ થયું હતું. જેમાં વિધાનસભાની કુલ ૧૮ સીટો પર ૧૮૨ ઉમેદવારોનાં ભવિષ્યનો નિર્ણય થશે. જેમાં મુખ્યપ્રધાન પદના બે ઉમેદવાર અને વિધાનસભા અધ્યક્ષની કિસ્મત દાવ પર લાગેલી છે. મહિલા મતદાતાઓની સંખ્યા ૭૦૭૧૯૧ છે જયારે પુરુષોની સંખ્યા ૭૭૩૫૮૬ છે. કુલ મતદાતાઓની સંખ્યા ૧૪ લાખ ૮૦ હજાર ૭૯૭ છે. દિવસ દરમિયાન જમ્મુ કાશ્મીરમાં ૪૯ ટકા અને ઝારખંડમાં ૬૧.૬૫ ટકા મતદાન નોંધાયું હતું.

# પેટ્રોલ-ડિઝલના ભાવમાં આજે પુનઃ ઘટાડો થવાના સંકેત

નવીદિલ્હી, તા. ૧૪

તીવ્ર મોંઘવારીનો સામનો કરી રહેલા સામાન્ય લોકોને વધુ રાહત મળી શકે છે. કારણ કે પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં આવતીકાલે ઘટાડો કરવામાં આવી શકે છે. ક્રુડ ઓઈલની કિંમત ઘટીને પાંચ વર્ષની નીચી સપાટી પર પહોંચી ગયા બાદ આવતીકાલે મળનારી ઓઈલ માર્કેટિંગ કંપનીઓની બેઠકમાં ઘટાડોનો નિર્ણય કરવામાં આવે તેવી શકયતા છે. ઓઈલ માર્કેટિંગ કંપનીઓ આવતીકાલે કિંમતોની સમીક્ષા કરનાર છે. ભાવમાં ઘટાડો કેટલો કરાશે તેને લઈને ચિત્ર સ્પષ્ટ થયું નથી પરંતુ ભાવમાં ચોક્કસપણે ઘટાડો થઈ શકે છે. ક્રુડ ઓઈલની કિંમતમાં ઘટાડાનો સીધો ફાયદો સામાન્ય લોકોને મળી શકે છે. સુત્રોએ કહ્યું છે કે નાણાં મંત્રાલય આ વખતે પેટ્રોલિયમ પેદાશો પર એક્સાઈઝ ડ્યુટીમાં વધારો કરવાના મુડમાં નથી.



અત્રે ઉલ્લેખનીય છે કે ક્રુડ ઓઈલની કિંમતમાં ઘટાડો થયો હોવા છતાં લઈને વલણ હળવુ કર્યું ન હતુ. આ અગાઉ બે વખત સરકારે પેટ્રોલ અને ડિઝલ પર એક્સાઈઝ ડ્યુટીમાં વધારો કરવાની જાહેરાત કરી હતી. જો કે બીજી વખત એક્સાઈઝ ડ્યુટીમાં વધારો કરવામાં આવ્યા બાદ રાજકીય વિરોધની શરૂઆત થઈ હતી. આ બાબતને ધ્યાનમાં લઈને સરકાર આ વખતે પેટ્રોલ અને ડિઝલ પર લાગુ થતી એક્સાઈઝ ડ્યુટીમાં કોઈ વધારો નહી કરવાનો નિર્ણય કર્યો છે. જેથી આવતીકાલે મળનારી ઓઈલ કિંમતની સમીક્ષા અંગેની બેઠકમાં કોઈ નિર્ણય લેવામાં આવી શકે છે. આ બેઠકમાં પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં ઘટાડો કરવાની જાહેરાત કરવામાં આવી શકે છે.

ઓઈલ કંપનીઓના અધિકારીઓ કહે છે કે તેમને કોઈ પણ સમય પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં વધારો કરવા અથવા તો ઘટાડો કરવાની મંજૂરી આપવામાં આવે. અધિકારીઓ દરેક સપ્તાહમાં કિંમતની સમીક્ષા કરવાની બેઠક નહી કરવાનો નિર્ણય કર્યો છે. આની સુચના સરકારને આપી દેવામાં આવી હતી. પરંતુ સરકાર ઈચ્છે છે કે વર્તમાન નાણાંકીય વર્ષ સુધી આ વ્યવસ્થાને જારી રાખવામાં આવે. ક્રુડ ઓઈલ માર્કેટમાં સ્થિરતા આવી ગયા બાદ આ વ્યવસ્થાને ખતમ કરવામાં આવે તેવી સરકારની રજૂઆત છે. ક્રુડની કિંમત પાંચ વર્ષની નીચી સપાટી પર પહોંચી છે. બેન્ચમાર્ક બ્રેન્ટ ઓઈલ બેરલદીઠ ૬૨ ડોલરની સપાટી પર છે. જ્યારે યુએસ ક્રુડ ૫૮ ડોલરની સપાટી પર છે. બ્રેન્ટ કિંમતમાં વધારો ઘટાડો થયો છે. બ્રાનેટ્ અને યુએસ ક્રુડ ક્રમશ જુલાઈ ૨૦૦૯ અને મે ૨૦૦૯ બાદની સૌથી નીચી સપાટી પર છે.

# મુંબઈ માટે અન્ડરગ્રાઉન્ડ રિંગ રોડ બનાવવા તૈયારી

મુંબઈ, તા. ૧૪

કેન્દ્ર સરકાર સૂચિત અમદાવાદ-મુંબઈ હાઈવેને જોડી શકે તે રીતે વાણિજ્ય પાટનગર મુંબઈ માટે ૯૦ હજાર કરોડના ખર્ચે અન્ડરગ્રાઉન્ડ રિંગરોડ બનાવવાની યોજના ધરાવે છે. ટનલ રિંગ રોડ પ્રોજેક્ટનો ખર્ચ ખુબ જ જંગી રાખવામાં આવ્યો છે. કેન્દ્રીયમાર્ગ અને પરિવહન પ્રધાન નીતિન ગડકરીએ માહિતી આપતા કહ્યું છે કે, કનેક્ટિવીટીને સુધારવા માટે પગલા લેવાઈ રહ્યા છે. સાથે સાથે મુંબઈ શહેરના જુના ઈતિહાસને યથાવતરીતે જાળવી રાખવામાં આવશે. બ્રિજ અને રોડ બનાવતી વેળા તમામ બાબતોને ધ્યાનમાં લેવામાં આવશે. સૂચિત અમદાવા-મુંબઈ હાઈવેને આ અંડરગ્રાઉન્ડ રિંગ રોડ જોડશે. સુરત-મુંબઈ રોડ માટેની નવી દરખાસ્ત આવ્યા બાદ હાઈવે પ્રોજેક્ટને હાલ મુકી દેવામાં આવ્યો હતો. પરંતુ હવે ફરીએકવાર પેન્ડિંગ દરખાસ્તને હાથ ધરવામાં આવી છે. અમદાવાદ-મુંબઈ હાઈવેની પેન્ડિંગ દરખાસ્ત વિચારણઆ હેઠળ છે. ગડકરીનું કહેવું છે કે, તમામ પાસા તરફ ધ્યાન આપવામાં આવી ચુક્યું છે. સૂચિત અંડરગ્રાઉન્ડ રોડના એક હિસ્સાની શરૂઆત શહેરના મધ્યભાગમાં માહિમથી શરૂ થશે.

# ટોપ ૭ કંપનીઓની મૂડીમાં ૧ લાખ કરોડથી વધુ ઘટાડો

નવીદિલ્હી,તા. ૧૪

શેરબજારમાં છેલ્લા સપ્તાહના કારોબારા દરમિયાન સેન્સેક્સની ટોપ કંપનીઓ પૈકી સાત કંપનીઓની સંયુક્ત માર્કેટ મુડીમાં એક લાખ કરોડથી વધુનો ઘટાડો થયો છે. જે કંપનીઓની માર્કેટ મુડીમાં સૌથી વધુ ઘટાડો થયો છે તેમાં ટીસીએસ, ઓએનજીસી અને આરઆઈએલનો સમાવેશ થાય છે. સેન્સેક્સની ટોપ સાત કંપનીઓની સંયુક્ત માર્કેટ મુડી ૧૦૨૪૩૧.૩૧ કરોડ સુધી ઘટી ગઈ છે. જે કંપનીઓની માર્કેટ મુડીમાં ઘટાડો થયો છે તેમાં એસબીઆઈ, એચડીએફસી બેંક, ઈન્ફોસીસ અને આઈસીઆઈસીઆઈનો સમાવેશ થાય છે. આ સાત કંપનીઓની કુલ માર્કેટ વેલ્યુ ૨૦.૩૮ લાખ કરોડની આસપાસની હતી. સેન્સેક્સમાં છેલ્લા સપ્તાહમાં ૧૧૦૭ પોઈન્ટનો ઘટાડો થયો હતો. ડે ડિસેમ્બર ૨૦૧૧ બાદથી સૌથી મોટો સાપ્તાહિક ઘટાડો હતો. છેલ્લા સપ્તાહના ગાળા દરમિયાન ઓએનજીસીની માર્કેટ મુડીમાં ૨૪૭૨૫.૩૭ કરોડનો ઘટાડો થયો હતો.જેથી તેની માર્કેટ મુડી ઘટીને ૨૮૮૨૭૭.૨૪ કરોડ થઈ ગઈ છે.

આવી જ રીતે ટીસીએસની માર્કેટ મુડીમાં પણ ૨૪૦૪૩.૩૯ કરોડનો ઘટાડો થયો હતો. જેથી તેની માર્કેટ મુડી ઘટીને હવે ૪૮૧૦૦.૮૩ કરોડ થઈ ગઈ છે. આરઆઈએલની માર્કેટ મુડી ૨૩૯૮૮ કરોડ સુધી ઘટી છે જેથી તેની મુડી ૨૮૫૮૩૪.૫૦ કરોડ થઈ ગઈ છે. ઈન્ફોસીસની માર્કેટ મુડી ૧૪૯૯૩.૩૧ કરોડ ઘટીને ૨૨૨૭૦૬.૦૧ કરોડ થઈ ગઈ છે. આઈસીઆઈસીઆઈ બેંકની માર્કેટ મુડી ૭૪૩૯.૭૪ કરોડ ઘટીને ૨૦૦૬૭૦.૧૯ કરોડ થઈ ગઈ છે. એસબીઆઈની માર્કેટ મુડી ૪૭૪૦.૭૪ કરોડ સુધી ઘટી જતા તેની મુડી ૨૩૨૪૦૮.૨૦ કરોડ થઈ ગઈ છે. આવી જ રીતે એચડીએફસી બેંકની માર્કેટ મુડી ૨૫૦૦.૭૨ કરોડ ઘટીને ૨૨૫૨૭૦.૩૮ કરોડ થઈ ગઈ છે.બીજી બાજુ સીઆઈએલની માર્કેટ મુડીમાં છેલ્લા સપ્તાહના કારોબાર દરમિયાન વધારો થયો છે. તેની માર્કેટ મુડીમાં ૫૬૨૧.૫૬ કરોડનો વધારો થયો છે. જેથી તેની મુડી વદીને ૨૩૦૭૬૮.૩૭ કરોડ થઈ ગઈ છે. સન ફાર્માની માર્કેટ મુડી ૪૨૮૨.૯૬ કરોડનો વધારો થયો છે જેથી તેની મુડી ૧૭૪૩૮૬.૯૬ કરોડ થઈ ગઈ છે. આઈટીસીની માર્કેટ મુડી ૩૩૫૪.૪૪ કરોડ વધીને ૩૧૫૯૯૬.૭૪ કરોડ થઈ ગઈ છે. ટોપ ટેન કંપનીઓની માર્કેટ મુડીની દ્રષ્ટિએ વાત કરવામાં આવે તો ટીસીએસ પ્રથમ સ્થાને છે. જ્યારે આઈટીસી બીજા સ્થાને અને ઓએનજીસી ત્રીજા સ્થાને છે.

**ફાર્મા કંપનીઓ ભારે આશાવાદી**

# ભારતની વિરૂદ્ધ કેટલાક અંકુશ અમેરિકા ઉઠાવશે

નવીદિલ્હી, તા. ૧૪

અમેરિકી પ્રમુખ બરાક ઓબામા જાન્યુઆરીમાં ભારત આવી રહ્યા છે ત્યારે અમેરિકા આઈપીઆર ઉપર ભારત સામે લાદવામાં આવેલા પ્રતિબંધને લઈને ગણતરીમાં લાગુ ગયું છે. ઘણી દવા કંપનીઓ સામે અમેરિકાએ પગલા લીધેલા છે. અમેરિકાએ સામાજિક સમીક્ષામાં વિવિધ મુદ્દા પર ચર્ચા કરી છે. અમેરિકામાં ઘણી કંપનીઓ મુશ્કેલીનો સામનો કરી રહી છે. છેલ્લા થોડાક વર્ષથી ફાર્મા ઈન્ડસ્ટ્રી દ્વારા ભારતને મહત્વપૂર્ણ દેશ તરીકે જાહેર કરવા લોબી ચલાવી છે. સાથે સાથે એવી નીતિ અપનાવી લેવા કહેવામાં આવ્યું છે જેના લીધે કેન્સરની દવા માટે પેટર્નના અધિકારોને હળવા કરવામાં આવે. ભારતે તાજેતરના મહિનાઓમાં કેટલીક ચોક્કસ ખાતરી આઈપી મુદ્દા ઉપર આપી છે. ઓબામાની યાત્રા દરમિયાન પણ આ મુદ્દો ઉઠાવવામાં આવે તેવી શક્યતા છે. ઓબામા પ્રજાસત્તાક દિવસની પરેડમાં મુખ્ય મહેમાન બની રહ્યા છે. ભારત અને અમેરિકાની પ્રથમ વેપાર પોલિસી ફોરમની બેઠક મળી ચુકી છે જેના માટે પણ કેટલીક હિલચાલ હાથ ધરાઈ છે.

# ડ્રગ ફ્રી ઈન્ડિયાની મોદીએ મન કી બાત કાર્યક્રમમાં હાકલ કરી

નવીદિલ્હી, તા. ૧૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ડ્રગ ફ્રીઈન્ડિયા માટેની હાંકલ કરી હતી. મન કી બાત કાર્યક્રમમાં મોદીએ આ મુજબની રજૂઆત કરી હતી. દેશમાં ડ્રગના દૂષણને રોકવા માટેના પ્રયાસરુપે વડાપ્રધાને કહ્યું હતું કે, ડ્રગની ખરાબ પડી ગયેલી ટેવના મુદ્દે તેમના અભિપ્રાય ઘણા બધા લોકોએ તેમની સાથે વહેંચ્યા છે. ઓલ ઈન્ડિયા રેડિયો ઉપર મન કી બાત કાર્યક્રમ મારફતે મોદીએ આજે ખુબ જ સંવેદનશીલ મુદ્દો ઉઠાવ્યો હતો. મોદીએ કહ્યું હતું કે, જો આપના અભિપ્રાય અને સૂચનો વહેંચવામાં આવશે તો આનો સીધો ફાયદો થશે. મોદીએ આના માટે વિગતવાર જાહેરાત પણ કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે, ઉત્તરપૂર્વની મુલાકાત લઈને કુદરતની ખુબસુરતીને નિહાળી શકાય છે. વડાપ્રધાને એમ પણ કહ્યું



હતું કે, વડાપ્રધાન અને મુખ્યમંત્રીઓ આ વખતે મિત્રો તરીકે બેઠા હતા અને વિવિધ મુદ્દે ચર્ચા કરી હતી. સંયુક્ત રાષ્ટ્રે ૨૧મી જૂનને આંતરરાષ્ટ્રીય યોગા દિવસ બનાવવાની જાહેરાત કરી દીધી છે જે અમારા માટે ખુબ જ ગર્વની બાબત છે. મોદીએ અંધ ક્રિકેટ વિશ્વકપ વિજેતા ટીમ સાથે મળવાની બાબતનો પણ ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે તેમને તેમનામાંથી હકારાત્મક ઉર્જા મળી છે. જમ્મુ કાશ્મીર ક્રિકેટ ટીમે મુંબઈ ઉપર જીત મેળવી હતી. ડ્રગ્સના મુદ્દે ખુબ જ યોગ્યરીતે મોદીએ રજૂઆત કરી હતી. દેશની પીડાને દૂર કરવાની જરૂર છે. તેમણે કહ્યું હતું કે તેઓ કોઈ ભાષણ આપી રહ્યા નથી પરંતુ ડ્રગ્સના દૂષણને દૂર કરવાની જરૂર છે. આ દૂષણના શિકાર લોકોના લીધે તમામ લોકોને તકલીફ થઈ રહી છે. જવાબદાર સમાજ બને તે જરૂરી છે. આ સંદર્ભમાં જનજાગૃત્તિ જગાવવા માટે સમાજના દરેક વર્ગના લોકો આગળ આવે તે જરૂરી છે. મોદી મન કી બાત કાર્યક્રમ મારફતે જુદા જુદા વિષય ઉપર રજૂઆત કરતા રહ્યા છે.




દિલ્હીમાં રાજઘાટ ખાતે નોબેલ પુરસ્કાર વિજેતા કૈલાસ સત્યાર્થીએ વિદ્યાર્થીઓને તેમના નોબેલ ડિપ્લોમાને દર્શાવ્યો હતો.

# વિમા અને કંપની બિલને સંસદમાં હવે હાથ ધરાશે

નવીદિલ્હી, તા. ૧૪

સંસદના શિયાળુ સત્રમાં હવે મહત્વપૂર્ણ વિમા અને કંપની બિલને હાથ ધરવામાં આવનાર છે. મહત્વપૂર્ણ સુધારાલક્ષી બિલને લઈને ઉત્સુકતા છે. સંસદના બંને ગૃહોમાં આ બિલ ઉપર વિચારણઆ કરીને તેમને તેમને પસાર કરવામાં આવશે. સુધારા તરફી બિલમાં વિમા કાયદા (સુધારા બિલ ૨૦૦૮ અને કંપની (સુધારા બિલ ૨૦૧૪)નો સમાવેશ થાય છે. લોકસભાએ હજુ સુધી ૧૩ બિલ પસાર કર્યા છે જ્યારે રાજ્યસભાએ નવ બિલ પસાર કર્યા છે. હાલમાં ચાલી રહેલા સંસદના શિયાળુ સત્રમાં ખુબ સારી કામગીરી થઈ છે. સારા પર્ફોમન્સનો દાખલો પણ શિયાળુ સત્ર બેસાડી શકે છે. ૧૨મી ડિસેમ્બર ૨૦૧૪ના દિવસે પુરા થયેલા સત્રના પ્રથમ ત્રણ સપ્તાહમાં લોકસભામાં ૧૩ બિલ પસાર કરાયા છે જ્યારે રાજ્યસભામાં નવ બિલ પસાર કરાયા છે. સંસદીય બાબતોના મંત્રાલયના આંકડામાં આ મુજબની વાત કરવામાં આવી છે. રાજ્યસભામાં ચાર બિલ હાથ ધરવામાં આવનાર છે જે નીચલા ગૃહમાં પસાર થઈ ચુક્યા છે. બાકીની સાત બેઠકો હજુ પણ બાકી રહી છે.



હાવડા-ન્યુ દિલ્હી પૂર્વ એક્સપ્રેસના ૧૨ કોચ શનિવારે સવારે ૮.૧૫ વાગે ટ્રેન સ્ટેશનથી ઉપડયા બાદ પશ્ચિમ બંગાળના હાવડા જિલ્લાના લિલુઆ સ્ટેશનને પાટા પરથી ખડી પડી હતી.

# આઈએસ ટ્વિટર એકાઉન્ટ હોલ્ડર મહેંદી રિમાન્ડ ઉપર


નવીદિલ્હી, તા. ૧૪

ઈસ્લામિક સ્ટેટ તરફી ટ્વિટર એકાઉન્ટ હોલ્ડર મહેંદી મસરુર બિશ્વાસને આજે પાંચ દિવસ માટે પોલીસ કસ્ટડીમાં રિમાન્ડ પર લેવામાં આવ્યો હતો. ડીસીપી ક્રાઈમ અભિષેક ગોયેલે માહિતી આપતા કહ્યું છે કે, બેંગ્લોર સીસીબી પોલીસે મહેંદીના પાંચ દિવસના પોલીસ રિમાન્ડ મેળવી લીધા છે. તેને મેજિસ્ટ્રેટની કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો. દરમિયાન આવા ત્રણ નવા ટ્વિટર એકાઉન્ટ મહારાષ્ટ્રમાં પણ શોધી કાઢવામાં આવ્યા છે. અત્રે નોંધનીય છે કે, મહેંદી બિશ્વાસ ટ્વિટર એકાઉન્ટ એટદરેટ સમ્મીવિટનેસ ચલાવી રહ્યો હતો. છેલ્લા ઘણા વર્ષથી તે આ એકાઉન્ટને ઓપરેટ કરી રહ્યો હતો. બ્રિટિશ ચેનલ-૪ના અહેવાલ બાદ આ એકાઉન્ટને લઈને સુરક્ષા સંસ્થાઓ સાવધાન થઈ ગઈ હતી. ચેનલે અહેવાલ આપતા કેહ્યું છે કે, સમ્મીવિટનેસ હેઠળ લખવામાં આવેલા તેના ટ્વિટને મોટી સંખ્યામાં લોકો જોઈ રહ્યા હતા તે સૌથી પ્રભાવશઆળી ઈસ્લામિક ઈસ્લામિક સ્ટેટ ટ્વિટર એકાઉન્ટ બની જતાં ખળભળાટ મચી ગયો હતો. તેના ૧૭૭૦૦ જેટલા ફોલોઅર્સ થઈ ગયા હતા. ગઈકાલે પોલીસ દ્વારા ઝડપાઈ ગયેલો મહેંદી આઈએસની ભરતી માટે માહિતી આપવા અને ઉશ્કેરણીના સોર્સ તરીકે બની ગયો હતો. કર્ણાટકના ડીજીપી પચાઉએ કહ્યું છે કે, ૨૪ વર્ષીય આ શખ્સ ૫.૩ લાખના વાર્ષિક પેકેજ માટે દિવસ દરમિયાન મેન્યુફેક્ચરિંગ એક્ઝીક્યુટિવ તરીકે કામ કરી રહ્યો હતો અને રાત્રિ ગાળા દરમિયાન આઈએસ પ્રવૃત્તિ ચલાવી રહ્યો હતો. તેની આઈપીસીની કલમ ૧૨૫ હેઠળ ધરપકડ કરી લેવામાં આવી છે. અન્ય કલમો પણ તેના ઉપર મુકવામાં આવી છે. દરમિયાન મહેંદીના પિતાએ તેનો પુત્ર ઈસ્લામિસ સ્ટેટ સાથે જોડાયેલો હોવાના અહેવાલને રદિયો આપ્યો છે.

# દેશના શો મેન રાજકપુરને જન્મદિન પર યાદ કરાયા

મુંબઈ,તા. ૧૪

ભારતીય સિનેમાના શો મેન ગણાતા રાજ કપુરને આજે તેમના જન્મદિવસે યાદ કરવામાં આવ્યા હતા. ફિલ્મ અભિનતા, નિર્માતા અને નિર્દેશક રાજકપુરે પોતાની ફિલ્મી કેરિયર દરમિયાન નવ ફિલ્મ ફેર એવોર્ડ જીત્યા હતા અને બે રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડ પણ જીત્યા હતા. ટાઈમ મેગેઝિને ટોપ ટેન ગ્રેટેસ્ટ પર્ફોર્મર પૈકીની એક તરીકે તેમની ફિલ્મ આવારાની ગણતરી કરી હતી. તેમની ફિલ્મો સમગ્ર વિશ્વના ચાહકો પસંદ કરતા હતા. એશિયા અને યુરોપમાં તેમની ફિલ્મોની નોંધ લેવામાં આવી હતી. ભારત સરકારે તેમને વર્ષ ૧૯૭૧માં પદ્મ ભુષણથી સન્માનિત કર્યા હતા. વર્ષ ૧૯૮૭મા તેઓ દાદાસાહેબ ફાળકે એવોર્ડ જીતી ગયા હતા. રાજકપુરને ભારતીય ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝના ક્લાર્ક ગેબલ તરીકે ગણવામાં આવતા હતા. ૧૪મી જાન્યુઆરી ૧૯૨૪ના દિવસે તેમનો જન્મ થયો હતો. બ્રિટીશ ઈન્ડિયાના પેશાવર ખાતે તેમનો જન્મ થયો હતો. જ્યારે બીજી જુન ૧૯૮૮ના દિવસે તેમનુ મુંબઈમાં અવસાન થતા સમગ્ર બોલિવુડમાં આઘાતનુ મોજુ ફરી વળ્યુ હતુ. રાજકપુર અસ્થમાના રોગથી ગ્રસ્ત હતા. દસ વર્ષની વયમાં તેઓ ઈન્કલાબાં દેખાયા હતા. વર્ષ ૧૯૪૭માં પ્રથમ વખત તેઓ નીલ કમલમાં લીડ રોલમાં આવ્યા હતા. મધુબાલાની પણ આમાં



ભૂમિકા હતી. ૨૪ વર્ષની વયે રાજકપુરે તેમનુ પોતાનુ આરકે સ્ટુડિયોની રચના કરી હતી. સાથે સાથે સૌથી નાની વયના ફિલ્મ નિર્દેશક બની ગયા હતા. તેઓએ આગ ફિલ્મ બનાવી હતી. જેમાં નરગીસની ભૂમિકા હતી. વર્ષ ૧૯૪૯માં તેઓ દિલીપ કુમાર, નરગીસ સાથે મહેબુબ ખાનની અંદાજમાં દેખાયા હતા. એક અભિનેતા તરીકે રાજકપુરની આ પ્રથમ હિટ ફિલ્મ હતી. રાજકપુરે વર્ષ ૧૯૬૪માં સંગમ બનાવી હતી. જે કલરમાં તેમની પ્રથમ ફિલ્મ હતી.એક અગ્રણી અભિનેતા તરીકે તેમની આ છેલ્લી સૌથી સફળ ફિલ્મ હતી. વર્ષ ૧૯૭૦માં મેરા નામ જોકર ફિલ્મ બનાવી હતી. જો કે આ ફિલ્મ છ વર્ષમાં બની હતી. આ ફિલ્મ બોકસ ઓફિસ પર ફલોપ રહી હતી. જેથી કપુર અને તેમના પરિવારની હાલત કફોડી બની હતી. વર્ષ ૧૯૭૧માં રાજકપુરે તેમના મોટા પુત્ર રણધીરને કલ આજ ઓર કલ સાથે લોંચ કર્યો હતો. ત્યારબાદ ૧૯૭૩માં તેમના બીજા પુત્ર રિશિ કપુરને બોબી સાથે લોંચ કરાયો હતો. જેને રેકોર્ડ સફળતા મળી હતી. રાજકપુરની છેલ્લી મોટી ફિલ્મ વકીલ બાબુ હતી જે વર્ષ ૧૯૮૨માં આવી હતી. તેમની છેલ્લી એક્ટિંગ ભૂમિકા વર્ષ ૧૯૮૪માં કિમમાં હતી. રિશી અને પાકિસ્તાની અભિનેત્રી જેબાને લઈને તેઓ હિના બનાવી રહ્યા હતા ત્યારે તેમનુ અવસાન થયું હતુ. આ ફિલ્મ વર્ષ ૧૯૯૧માં રજૂ કરાઈ હતી.